| PUBLICATION NAME : | Sunvilla Samachar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/04/2023 |
| PAGE : | 3 |

# ઈડીઆઈઆઈએ ઉદ્યોગસાહસિકતા વિકાસ, શિક્ષણ, તાલીમ અને સંસ્થા નિર્માણના ૪૦ વર્ષ પૂર્ણ કર્યા

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા. ૨૦**




એક સીમાચિહ્નરૂપ ક્ષણમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ સંસ્થાના કેમ્પસમાં ગુરુવાર, ૨૦ એપ્રિલના રોજ ઉદ્યોગસાહસિકતા શિક્ષણ, તાલીમ, સંશોધન અને સંસ્થાના નિર્માણના ચાર દાયકાની ઉજવણી કરી. ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત મુખ્ય અતિથિપદે હતા. આ અગ્રણી સંસ્થાની સ્થાપના ૧૯૮૩માં આઈડીબીઆઈ બેંક, આઈએફસીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના સમર્થનથી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે સંસ્થાએ તેની ૪૦-વર્ષની સફરનું દસ્તાવેજીકરણ કરતું પુસ્તક અનેઈડીઆઈઆઈના કાર્યના વિવિધ ક્ષેત્રો અને તેની સિદ્ધિઓને પ્રકાશિત કરતી એક ફિલ્મ રજૂ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ ઈડીઆઈઆઈ દ્વારા પ્રશિક્ષિત કારીગરો, ઈક્યુબેટીઝ અને દિવ્યાંગોના પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું.